JAIN KRANTI
# જૈન ક્રાંતિ
Vol. 17 | Issue 6 | Mumbai | October - 2026| Price Rs. 5/- | Pages : 40

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો

## 56th જન્મોત્સવ

# માનવતા મહોત્સવ અને મંત્ર ઉત્સવ



દેશભરમાં સેવા અને માનવતાના અનેક સત્કાર્યો યોજાયા

પરમ ગુરુદેવના જન્મોત્સવ પર, મુમુક્ષુ શ્રી તન્મયાદીદી રાજપૂતની થઈ દીક્ષા આજ્ઞા અર્પણ વિધિ

**મુશ્કેલીઓ** ક્યારેય મુહૂર્ત જોઈને નથી આવતી,
માટે કોઈને મદદ કરવા માટે મુહૂર્ત જોવાનું ન હોય;
**માનવતા મહોત્સવ** તો 365 દિવસ ઉજવવો જોઈએ !

પરમ ગુરુદેવની કરુણાની અનુભૂતિને વર્ણવતી પુસ્તિકા "Param" નું વિમોચન

લુક એન લર્નના હજારો બાળકોએ 7 કરોડ 90 લાખ મંત્ર જાપ સાધના કરીને ઉજવ્યો kids મંત્રોત્સવ

દિવ્યાંગ ભાવિકોને 56 E - Bike અર્પણ

તપસમ્રાટ રતિ ગુરુ શાંતિદાતા સહાય યોજના માટે ₹. 9 કરોડનું અનુદાન અર્પણ

કોલકાતામાં લુડલો Arham Animal Care Hospitalનું ઉદ્ઘાટન



# પર્યુષણ આવ્યાં...



મને તારવા... મને ઉગારવા...
મને સુધારવા પર્યુષણ આવ્યાં...

મને જગાડવા... મને સમજાવવા...
મને પમાડવા પર્યુષણ આવ્યાં...

મને પાપથી પાછા વાળવા
પર્યુષણ આવ્યાં... પર્યુષણ આવ્યાં...

મને પાપથી પાછા વાળવા
પર્યુષણ આવ્યાં... પર્યુષણ આવ્યાં...

પર્યુષણ આવ્યાં... પર્યુષણ આવ્યાં...
મને તારવા પર્યુષણ આવ્યાં...
પર્યુષણ આવ્યાં... પર્યુષણ આવ્યાં...
મને સુધારવા પર્યુષણ આવ્યાં...

તારવા આવ્યાં... ઉગારવા આવ્યાં...
જગાડવા આવ્યાં... સમજાવવા આવ્યાં...
આવ્યાં, આવ્યાં, આવ્યાં, આવ્યાં,
આવ્યાં, પર્યુષણ આવ્યાં...
પર્યુષણ આવ્યાં... પર્યુષણ આવ્યાં...
પર્યુષણ આવ્યાં... પર્યુષણ આવ્યાં...

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th October 2026, YEAR: 25, ISSUE - 307

PAGES : 36 + 4 • RETAIL PRICE : ₹ 5

## એક લક્ષ્ય

દરેક વ્યક્તિનું એક લક્ષ્ય હોય છે..
મારે મારા પરમાત્મા જેવા બનવું છે..
**મારે મારા પ્રભુ જેવી peace અને purityનો અહેસાસ કરવો છે.**
**પણ કેવી રીતે ??**



રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ
એમની મૌલિક, માર્મિક અને મનનીય ભાવશૈલીમાં ફરમાવે છે,

**PARYUSHAN**
HAI TO
***easy hai***

અને પરમ ગુરુદેવે...
પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના 8-8 દિવસ...
દરરોજ નવા concept અને નવી પ્રેરણા સાથે...
દરરોજ નવી શુદ્ધિની સાધના અને સંકલ્પ સાથે...
દેશ-વિદેશના લાખો ભાવિકોને peace અને
purityનો experience કરાવ્યો...

**તમને એ અહેસાસ કરવો છે ??**

તો ભાવથી વાંચશો....
જૈન ક્રાંતિનો પર્યુષણ વિશેષાંક!!

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

**આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો સંપર્ક : +91-9324808181**

**TO KNOW MORE ABOUT
PUJYA GURUDEV
CONTACT ON: +91-9860905678**



# મારે પરમાત્મા સાથે Clone કરવું છે!

## Clone એટલે આબેહૂબ એમના જેવા બનવું!
## પરમાત્મા સાથે clone કેવી રીતે કરાય??

મનમાં પ્રશ્ન આવ્યો ને!

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ 2026માં આપણા આત્મકલ્યાણની સદભાવના સાથે 8 દિવસ સુધી એની સમ્યક સમજ આપી છે.

પરમ ગુરુદેવે સમજાવ્યું, મારે માત્ર પરમાત્માના અંશ અને વંશ નહીં, પણ પરમાત્માના clone બનવું છે!

જેવા મારા પરમાત્મા, એવો હું!

મારા પરમાત્મા છે નિરાકાર અને મારો છે આકાર!

એટલે ભલે physical clone ન થાય, પણ મારે આત્મિક clone કરવું છે અને આત્મિક clone થાય તો પર્યુષણ સાર્થક અને ઐતિહાસિક થાય.

મારે મારા પરમાત્માની qualities સાથે clone કરવું છે!

પરમાત્મા સાથે clone થાય કેવી રીતે?

પરમાત્મા સાથે clone કરવા શું કરવું જોઈએ?

પરમ ગુરુદેવે સમજાવ્યું, “જેટલું પરમાત્મા સાથે connection strong, એટલી cloneની સાધના સહજ અને સમ્યક!”

### પરમાત્મા સાથે clone કરવા...

- **Realise કરો** - મારી પણ પરમાત્મા બનવાની ક્ષમતા છે.
- **Trust રાખો** - જે પરમાત્માનું past હતું, તે મારું present છે; જે પરમાત્માનું present છે, તે મારું future હશે.
- **ગુણયાત્રા કરો** - I knowથી I don’t knowની યાત્રા દ્વારા વિનય ગુણને શ્રેષ્ઠતમ બનાવો, કેમ કે વિનય જ સર્વ ગુણની જનની છે.
- **Accept કરો** - અનુકૂળ હોય કે પ્રતિકૂળ, દરેક situationને મારા જ કર્મોનું કારણ છે, એ સત્ય સાથે સ્વીકાર કરો.
- **Heartને clear કરો** - Forget અને forgiveના શ્રેષ્ઠ ભાવો સાથે heartને clean કરો, clear કરો.
- **સમજને મોટી કરો** - સમજ નામનું બાળક જો સમ્યક્ બની જાય તો પ્રભુ સાથે clone easy થઈ જાય!
- **Tolerance વધારો** - મૌન અને patience નામના તપ સાથે tolerance power ને વધુ ને વધુ strong બનાવો!
- **નિત્ય નિયમ બનાવો** - જેની lifeમાં નિત્ય નિયમ હોય, એની નિયતિમાં પરમાત્મા સાથે clone થવાની ક્ષમતા હોય!

**‘જે દિવસે દુનિયાથી ALONE થઈ જશો, તે દિવસે પરમાત્મા સાથે CLONE થઈ જશો.’**

DAY 1

# PARYUSHAN HAI TO easy hai

## REALISATION



### પર્યુષણ છે તો...

- સ્વયંના દોષોનું realization easy છે.
- સ્વયંની પ્રભુ બનવાની ક્ષમતાનું realization easy છે.
- પર્યુષણ એટલે, "બીજાના દોષોનું નહીં, પરંતુ સ્વયંના દોષોનું દર્શન કરવાની શરૂઆત."
- જેને પોતાની **"ભૂલ"** Realise થાય, તેની **"ભગવાન"** બનવાની શરૂઆત થાય છે.
- એકબીજાની ભૂલો જોવા કરતા, જે પહેલા ભૂલ સુધારે છે, એના પર્યુષણ સાર્થક થાય છે.
- **બીજાની "ભૂલ"** દેખાય તો મારામાં **"દોષ"** છે, **મારી "ભૂલ"** દેખાય તો એ મારો **"ગુણ"** છે.

- જો મિચ્છામિ દુક્કડમ્ Last Time કર્યું હશે, તો ફરીથી એ ભૂલ યાદ આવશે; પરંતુ જો Life Timeનું કર્યું હશે, તો એ ભૂલ ભૂલાઈ જશે. માટે આપણું "મિચ્છામિ દુક્કડમ્" Last timeનું નહીં પરંતુ Life timeનું હોવું જોઈએ.
- પોતાના મનના Rear cameraથી બીજાની ઘણી ભૂલો જોઈ, હવે મનનો Front camera open કરી પોતાની ભૂલોને realise કરવાનો અવસર એ પર્યુષણ !
- પર્યુષણ આપણા "ભાવ" સુધારે, આપણા "ભવ" સુધારે, આપણું "ભવિષ્ય" સુધારે છે.
- પર્યુષણ એટલે, Problemને ઘટાડતા જવાના અને જીવનમાં પરમાત્મા બનવાના ભાવને વધારતા જવાના દિવસો !





**સંકલ્પ**

**આ ભવમાં હંમેશા બીજાની ભૂલને "જોઈ" છે અને બીજાની ભૂલ "ગણી" છે**

**હવે બીજાના ગુણો જોવા છે અને પોતાની ભૂલોને જોવી છે.**

## Prayog - What's inside your heart?



- Negativityથી positivity તરફ લઈ જાય એ પર્યુષણ મહાપર્વ હોય છે!
- હૃદયમાં દોષો પણ છે અને પરમાત્મા અને ગુરુ પણ બિરાજમાન છે, પરંતુ આપણી દૃષ્ટિ દોષો પર જ હોય છે. દોષ દૃષ્ટિમાંથી ગુણ દૃષ્ટિ કરાવે તે પર્યુષણ!
- **જેના હૃદયમાં પ્રભુનો વાસ હોય, એના હૃદયમાં ન હોય દોષો, ભૂલો ને કોઈ માટે કડવાશ!**

## Prayog 2 - Wishing Well




- પોતાનો સ્વાર્થ realise થાય તો પોતાની "જાત" સાથે વાત થાય અને અંતે પ્રભુ સાથે મુલાકાત થાય.
- માત્ર બંધનને realise કરનાર નહીં, પણ બંધન મુક્તિનો "ઉપાય" ગોતનાર માટે મુક્તિ સહજ બને છે.
- ગુરુ સમજની scissors આપી શકે, પરંતુ તેના દ્વારા બંધનમુક્ત થઈને પોતાના આત્મસ્વરૂપ તરફ જવાનો પુરુષાર્થ તો સ્વયંનો જ હોય છે.













‘આદિનાથ આદિનાથ, તારજો તારણહારા’ મહાનાદમાં જોડાયા ભાવિકો

# INNER Mastery

## NO "OVER THINKING"! NO "THINKING OVER" BUT ALWAYS "RIGHT THINKING"

- Problemમાં over thinking નથી કરવાનું, Problem ને overcome કરવાનો છે.
- Problemમાં panic થનાર પરમાત્મા નથી બનતા.
- "પરમાત્માના નામ"ની vaccine લેનારને ક્યારેય fear નામનો રોગ નથી થતો.
- જે મનને જીતે છે તે મહાવીર છે, મનને જીતી ના શકનાર "મહા weak" હોય છે.
- એક Problemમાં હજાર વિચાર કરે એ સામાન્ય મનુષ્ય હોય છે, હજાર Problemમાં એક પણ વિચાર ન કરે એ ભગવાન હોય છે.





DAY
2

# PARYUSHAN HAI TO easy hai

## UNDERSTANDING

- આપણે જેટલા પણ **શબ્દ બોલીએ છીએ,** એ દરેક **શબ્દનો** Tax **પુણ્યના રૂપમાં** ચૂકવવો પડે છે.
- પુણ્યયોગથી મળેલા "વચન યોગ"ને જો આપણે "પાપ યોગમાં" ઉપયોગ કરીએ, તો ભવિષ્યમાં આપણને "વચનનો યોગ" પ્રાપ્ત થતો નથી.
- આપણા શબ્દો સામેવાળા માટે **Toxic** નહીં, પણ **Tonic** જેવા હોવા જોઈએ.
- એક **Negative** wordનું વજન, હજાર **Positive** wordsના વજન કરતાં **ભારે** હોય છે, માટે હંમેશા બોલતા પહેલાં વિચાર કરવો.
- જ્યાં પોતાની **responsibility** ન હોય ત્યાં **respond** ન કરવું જોઈએ.
- કોઈપણ શબ્દ બોલતા પહેલા યાદ રાખવું, **Text**નું "**delete for everyone**" થઈ શકે છે, પણ **એકવાર બોલાયેલા શબ્દો** કોઈના મનથી **delete નથી** કરી શકાતા.
- જતનાપૂર્વકના, સાવધાનીપૂર્વકના, પ્રેમ ભર્યા વચનો હંમેશા પુણ્ય વચન બની જાય છે.
- જેના પુણ્ય વચન પ્રકૃષ્ટ હોય છે, તે જે બોલે છે તે થાય છે.
- પ્રભુના શ્રાવકના વચન ભારે નહીં પણ સામેવાળાનો ભાર ઉતારે એવા હોય.
- વચન "**કટાર**" જેવા પણ હોય, **"ગિટાર"** જેવા પણ હોય, બંને વાગે પરંતુ કટાર **hurt** કરે, guitar **happy** કરે.

**Solution : પોતાના વચન પર જો control ન રહેતો હોય તો, જીભને બહાર કાઢી ઉપર નીચે કરી "જીભ વંદના" કરવી. તેનાથી પોતાને શરમ આવે અને ધીરે ધીરે પોતાના વચન પર control આવી જાય.**




**'આગમ' મહાનાદ દ્વારા પ્રભુ વાણીને વંદન કરી રહ્યા નાના નાના બાળકો!**

## Prayog - One action, Massive reaction

- સમૂહમાં બાંધેલા કર્મો સમૂહમાં ભોગવવા પડે છે, માટે પર્યુષણ એ સમૂહમાં બાધેલા કર્મોને સમૂહમાં ક્ષય કરવાનો અવસર છે.
- Natural calamities, disaster, plane crash જેવી ઘટનામાં હજારો વ્યક્તિના મૃત્યુનું કારણ તેમના સામુદાનિક કર્મો હોય છે.
- આજના યુગમાં digital સાધનો વધવાને કારણે, એક જ ઘટના માટે, એક જ સમયે, એક જ મનોભાવ વ્યક્ત કરી, અલગ અલગ દેશમાં દૂર રહીને પણ સામુદનિક કર્મોનો બંધ થાય છે. ભાવ same, કર્મો same હોવાને કારણે કર્મ ઉદયના સમયે destiny સહુને એકસાથે લાવી દે છે.
- કોઈ party કે receptionમાં એક સાથે કરેલી ભોજનની **"તારીફ"**થી એ જ સમયે, એક સાથે futureના painની **"તારીખ"** decide થઈ જાય છે.
- **Extra comment** એટલે **extra કર્મોનો બંધ.** માટે, જરૂર વગરની comment કરવી નહીં.





**Solution : સામુહિક પ્રતિક્રમણ, ભક્તિ, સાધનાથી સમૂહમાં બાંધેલા કર્મો ક્ષય થાય છે.**





શ્રી આગમ સૂત્રને મસ્તક પર રાખી પ્રભુને અહોભાવે વંદી રહ્યાં ભાવિકો

## MOBILE Mastery

**આપણા હાથમાં mobile છે કે mobileના હાથમાં આપણે છીએ?**

- જે ઘટના repeat થાય છે તે આપણી memoryમાં deep જાય છે, અને અનુબંધ બની અનંત બની જાય છે.
- Echo system માત્ર soundમાં નહીં, mindમાં પણ હોય છે. આપણે બહાર એકવાર બોલીએ છીએ પણ મનમાં એક જ વાત વારંવાર બોલતા હોઇએ છીએ.
- Mobile આપણા હાથમાં હોય તો કર્મનો બંધ થાય છે, જ્યારે આપણે mobileના હાથમાં હોઈએ ત્યારે કર્મનો અનુબંધ થાય છે.
- કર્મ બંધ 1% dangerous હોય તો અનુબંધ 100 % dangerous હોય છે.
- એક જ impression વારંવાર repeat થઈ depression બની જાય છે.
- Dialysis and paralysis અનુબંધનું result હોય છે.

### સંકલ્પ

કર્મોના અનુબંધથી બચવા - cut offની સાધના – કાઉસગ્ગ અને આનુપૂર્વી.

દર 48 minutes અથવા દિવસમાં જ્યારે જ્યારે સમય મળે કાઉસગ્ગ કરવો

અને રાત્રે સુતા પહેલા આનુપૂર્વી કરવી.

Instagramનો વર્ષીતપ કરવો.

પરિવારમાં બધા સાથે બેઠા હોય ત્યારે Mobileનો ત્યાગ કરવો.

DAY 3

# PARYUSHAN HAI TO easy hai

## ACCEPTANCE



- પર્યુષણ એટલે આપણને આપણા અવગુણોનું 'અંધારું' realise કરાવનાર એક 'દીપક'!
- આપણને વ્યક્તિ, વસ્તુ, સ્થિતિ કે સંયોગના રૂપમાં જે પણ parcel મળે છે તેના sender, vendor and receiver આપણે પોતે જ હોઈએ છીએ.
- કર્મોના હાથમાં remote છે, આપણી life એક result છે.
- જીવનમાં જે પણ **person** તમને મળે, તેને person નહીં પણ **પોતાના જ કર્મો અનુસાર મળેલ** parcel સમજવા.
- પોતાના કર્મોને **સ્વીકાર કરનાર** ક્યારેય કર્મોના **શિકાર નથી** બનતા. સ્વીકારથી આપણા સ્વભાવમાં સમભાવ આવે છે.
- Acceptance હોય તો life **"light mode"** માં હોય, અને Acceptance ન હોય તો life **"fight mode"** માં આવી જાય છે.
- કોઈપણ પરિસ્થિતિનો સ્વીકાર કરનારાનો **'ઇતિહાસ'** લખાય છે અને પ્રતિકાર કરનારા **'ભૂતકાળ'** બનીને રહી જાય છે.




**Animalની વેશભૂષામાં સજ્જ બાળકો અને યુવાનોએ પ્રભુ નેમિનાથ મહાનાદ ગુંજાવીને આપ્યો જીવદયાનો સંદેશ!**

## Prayog - The power of one Dwesh

- મનની ગાંઠ ભવિષ્યમાં તનની ગાંઠ બને છે.
- કોઈના પ્રત્યેનો દુર્ભાવ, પ્રતિકાર, jealousy જ અંતે આપણી જ ગાંઠ બની, ભાર બની, આપણા જ ભવ, ભવોભવ અને ભવિષ્ય બગાડે છે.





# INNER WEALTH Mastery

- સંપત્તિ જેના pocketમાં જાય છે તેની થઈ જાય છે, અને જેના pocketમાંથી જાય છે તેની પાસે ફરી આવતી નથી.
- સંપત્તિ જેવા જ બધા સંબંધો હોય છે, આજ જે મારા છે તે કાલે બીજાના થઈ શકે છે.
- જેની પાસે વિનયનો સદગુણ હોય છે તે સાચો સંપત્તિવાન હોય છે.
- I know" થી "I don't know" ની યાત્રાને વિનય કહેવાય છે. જ્યાં અહંકાર શૂન્ય થાય છે, ત્યાં વિનય ઉત્કૃષ્ટ થાય છે.
- સાચા વિનયવાન એ હોય જે માત્ર Special વ્યક્તિ કે વડીલોનો વિનય ન કરે પરંતુ દરેક સામાન્ય વ્યક્તિનો વિનય કરી તેને Special બનાવી દે.
- વિનયવાનને સંપત્તિ digest થાય છે એટલે તેની સંપત્તિ ઉત્તરોત્તર વધતી રહે છે, અવિનીતને downfall થતો રહે છે.
- માત્ર જેને બધું આવડે તે નહીં, પરંતુ જેની બધું જ શીખવાની તૈયારી હોય તે વિનયવાન હોય.
- વિનયવાન જ્ઞાની પાસે જઈ માત્ર તેના શબ્દો ન સાંભળે, પણ તે શબ્દની પાછળના સંકેત અને રહસ્યને સમજવાનો પ્રયાસ કરે.
- વિનયવાન બનવા માટેકોઇ occasion કે locationની જરૂર નથી, વિનય દરેક સમયે, દરેક સ્થાન પર હોવો જોઇએ.
- પરમ વિનય પ્રગટે ત્યારે પાંચ ઇન્દ્રિયો close થઈ, 6th sense open થઈ જાય છે, અતિન્દ્રિય જ્ઞાન પ્રગટે છે.
- જગતમાંથી મળેલું જ્ઞાન સ્મશાનમાં રાખ થઈ જાય છે જ્યારે અતિન્દ્રિય જ્ઞાન ભવોભવ સાથે આવે છે.





DAY 4

# PARYUSHAN HAI TO easy hai

## TRANSFORMATION

- ધર્મ સદગુણોની યાત્રા છે અને અધર્મ અવગુણોની યાત્રા છે.
- સમજ સદગુણોનું petrol હોય છે.
- ધર્મની શરૂઆત માત્ર હાથ જોડવાથી નથી થતી, કોઈના કલ્યાણ માટે હાથ લંબાવવાથી થાય છે,
- પરમાત્માના હાથની સાથે મારા હાથનું મિલન, તેનું નામ દાન.
- દાન પછી સન્માનની ઈચ્છા પુણ્યને down કરે છે.
- કોઈના **Collection**ની નહીં પણ **Contribution**ની Competition કરવી.
- દાન દેનાર ત્રણ પ્રકારના હોય છે...
  - **નાદાન** - દાન ન કરનાર
  - **મેદાન** - મે દાન કર્યું છે કહેનાર અને દાન કરીને પોતાનું નામ અને પ્રસિદ્ધિ કરાવનાર
  - **દાનવીર** - દાન કરીને પણ નામની કોઈ ખેવના રાખ્યા વિના તે દાન યોગ્ય રીતે વપરાયાની કાળજી રાખનાર
- Donar બનીને donate કરવું, don બનીને નહીં.
  - **Donar** - જે આપીને ભૂલી જાય છે.
  - **Don** - જે આપ્યા પછી સામેવાળાને વારંવાર તે યાદ કરાવીને શબ્દોની ગોળી મારે છે.



**જન-જનને વંદિત કરી ગયો ગુરુ ગૌતમ મહાનાદ**

### સંકલ્પ

- **રોજ ઓછામાં ઓછું એક રૂપિયાનું વર્ષિદાન કરીને ભાવીના તીર્થંકર બનવાનું planning કરવું છે.**
- **ઘરના પ્રસંગમાં wedding plate બનાવતા પહેલા કોઈ needy માટે feeding plate તૈયાર કરવી.**
- **મંડપ મુહૂર્ત પહેલાં માનવનાં મુહૂર્ત થઈ જાય તો આપણી ખુશીમાં અનેક જીવોની ખુશી ભળી જાય.**
- **જાનને જમાડો એ પહેલાં ગૌશાળા કે પાંજરાપોળના જાનવરને જમાડો.**
- **જેટલા "guest" આવે એટલી "ગાયોને" ભોજન કરાવવું.**

## Prayog - Choose your Birth, Choose your Income, Choose your Destiny

- Attack આવીને take off થઈ જઈએ એની પહેલા આપણી પાસે જે હોય એમાંથી આપતું રહેવું જોઈએ, કેમ કે આપવાથી ક્યારેય ઘટતું નથી હમેશાં વધતું જ રહે છે.
- જગતથી વિદાય થતાં પહેલા, પોતાની પાસે જે હોય તેના ઉપર "અપ્પાણં વોસિરામિ"ની sign કરીને જવાથી, આ ભવના પદાર્થોથી આવતા ભવે કર્મો બંધાતા નથી.
- આપણા આ ભવના Connectionને **delete કરવાનો code – "અપ્પાણં વોસીરામિ"!**
- ગમે એટલું ભેગું કરીએ અંતે તો ખાલી હાથે જ જવાનું છે.
- સાચી સમૃદ્ધિ, પોતાના સુખની ચિંતામાં નહીં, સૌના સુખની ચિંતા કરવામાં છે.





## પરમ ગુરુદેવના બોધ વચનો સાંભળી અને પ્રયોગને નિહાળી 2 ભાવિકોના હૃદયમાં અનોખો અહોભાવ આવ્યો..

- **શ્રી ભાવિકભાઈ અશોકભાઈ ઠોસાણી** પરિવારે **1 કરોડ રૂપિયા સેવા-વૈયાવચ્ચ અર્થે** અર્પણ કરવાના ભાવ વ્યક્ત કર્યા
- **શ્રી હેમલતાબેન મણિયારે** પોતાના **4BHK FLAT**ની જગ્યા ધર્મકાર્યમાં જ્યાં ઉપયોગી થઈ શકે ત્યાં અર્પણ કરવાની ભાવના વ્યક્ત કરી હતી.

## અદ્ભૂત એકાંકી

એકલતામાં જીવન વ્યતીત થતું હોય, ઉંમરના કારણે શરીર સાથ ન આપતું હોય, હાથ પગ ધ્રૂજતા હોય, આંખોથી બરાબર દેખાતું ન હોય, એવી દારુણ્ય પરિસ્થિતિમાં જીવી રહેલા હજારો વડીલોને આજ સુધી **11.5 લાખથી વધુ ટિફિન** અર્પણ કરનારી **દરરોજ ગરમાગરમ સાત્વિક ભોજન** ઘરબેઠા પહોચાડતી **પરમ ટિફિન સહાય યોજના.**

જેમાં **શ્રી સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટ** અમેરિકાના ફાઉન્ડર **શ્રી રીકાબેન મનુભાઈ શાહએ** આવતા **1 વર્ષ** માટે **દરરોજના 700 ટિફિન** માટે સહયોગ વ્યક્ત કર્યો છે.







અર્હાનની સવારી, વાજતે ગાજતે લાવી 14 મહાસ્વપ્નની દિવ્ય સવારી

## MAUN Mastery

**Silence મોક્ષનું learning licence છે.**

- જેની પાસે મૌનનો બ્રહ્માસ્ત્ર હોય છે, એના બધા જ કાર્યો સિદ્ધ થાય છે.
- Patience અને tolerance હોય તો, સમય પર મૌન રહી શકાય છે.
- Voice off થવો તે મૌન નથી, અંદરનો noise off થઈ જવું તે મૌન છે.
- Silence, Speech નું speed breaker હોય છે.
- મૌન રહેવું પણ એક પ્રકારનું તપ છે.



DAY 5

PARYUSHAN HAI TO *easy hai*

# BHAGWAN MAHAVIR JANMOTSAV



- માતાની કુક્ષીમાં પધારનાર આત્મા કેવો છે તેનો સંકેત, માતાને અર્ધ નિદ્રા અવસ્થામાં સપનાના રૂપમાં પ્રકૃતિ આપી દે છે.
- શ્રેષ્ઠનું આગમન થવાનું હોય ત્યારે પ્રકૃતિનું વાતાવરણ પણ બદલાઈ જાય છે.
- માતા ગર્ભવતી હોય ત્યારે આવનારું બાળક પુણ્યવાન છે કે પુણ્યહીન, તે ઘરના વાતાવરણથી જ ખબર પડી જાય છે.
- જ્યાં વર્ધમાનનું નામ હોય છે ત્યાં બધું જ વર્ધમાન થાય છે.
- પોતાના સ્વજનને ભાવિના ભગવાન માનવા.
- પોતાની પાસે રહેલ શ્રેષ્ઠનો અહંકાર, આપણને શ્રેષ્ઠથી વંચિત કરી સામાન્ય બનાવી દે છે.
- અન્યના જીવનમાં જે સમાધિ આપે છે, તેના જીવનમાં પણ સમાધિ હોય છે.
- જ્યાં **સમર્પણતાનો ભાવ** હોય છે ત્યાં **સમૃદ્ધિ** હંમેશા **વૃદ્ધિ** પામતી હોય છે.
- પોતાના સત્કાર્યમાં સૌને ભાગીદાર બનાવવા તે ઉત્કૃષ્ટ પુણ્યની નિશાની છે.
- જે પરમાત્માના જન્મોત્સવને ઉલ્લાસપૂર્વક ઉજવે છે તેને ભવિષ્યમાં પરમાત્માના પરિવારમાં જન્મ મળે છે.



**મહાવીર મહાનાદ દ્વારા બાળકોએ લીધાં ભગવાન મહાવીર જન્મોત્સવનાં વધામણાં**

સંકલ્પ

**આજથી દરરોજ સવારે ઘરના દરેક સ્વજનને હાથ જોડીને વંદન કરીને કહેવાનું,**

**"તમારા અંદર રહેલા ભાવિના ભગવાનને હું વંદન કરું છું."**





**જૈન દર્શનના ઈતિહાસને એક નવો વળાંક આપનારી**
**રાણી ત્રિશલામાતા અને દેવાનંદા બ્રાહ્મણીની ઘટનાને જીવંત કરતી નાટિકાનું અદ્ભૂત દશ્ય**



DAY 6

# PARYUSHAN HAI TO *easy hai*

# TOLERANCE



- પરિવાર એ છે જ્યાં એકબીજાની Care અને Respect હોય; ભોજન કરતાં પહેલાં પણ પોતાના સ્વજન યાદ આવે પરિવારના કોઈ સ્વજને ભોજન કર્યું છે કે નહીં, તેનું ધ્યાન રાખવામાં આવે.
- એક Roof નીચે રહેનારા જ્યારે એકબીજાની **ભૂલોનું Proof** આપવા લાગે છે, ત્યારે એ ઘર **Problemની પાઠશાળા** બની જાય છે; અને જ્યાં એકબીજાને જોઈને **સંસ્કારોના પાઠ** શીખાય છે, એ ઘર **સંસ્કારોની પાઠશાળા** બને છે.
- ઘર **Court Room** નહીં, **Heart Room** હોવું જોઈએ.
- ઘરના **વડીલો**એ નાનાની Mistakesના **વકીલ** ન બનવું જોઈએ.
- “I AM RIGHT”ની પકડ બધા જ Problemsનું Root હોય છે.
- Perfect Relation માટે પોતાની Mistake Accept કરવી જોઈએ.
- Animals ક્યારેય પોતાની mistakeનો સ્વીકાર નથી કરતાં; એકમાત્ર મનુષ્ય જ “મિચ્છામિ દુક્કડમ્” કરી શકે છે.
- જે ઘરમાં **Unityની Immunity ઓછી** હોય છે, તે ઘરમાં **Problemની Disease** વધુ હોય છે.
- જેમના જીવનમાં **Gratitude** હોય, તેમના બધા **Attitude Zero** થઈ જાય છે.
- પ્રભુના ભક્ત **ATM** જેવા હોય — **Any Time મુસ્કાન** – દરેકને **smileનું Donation** આપનાર હોય.
- જેને ગુરુ અને પ્રભુ પોતાના સ્વજન લાગે છે, તેની કર્મોની સામે Victory થાય છે.
- **જૈન ધર્મ** એટલે **જન જનનો ધર્મ.**
- જૈનનું Family ક્યારેય બે-ચાર વ્યક્તિઓ પૂરતું નથી હોતું; જૈન માટે તો આખું વિશ્વ પરિવાર હોય છે.



ધ્વજ લહેરાવીને જયકાર કરી રહ્યા વિશાળ જન સમુદાય

**સંકલ્પ**

**ઘરને જો મોક્ષ બનાવવું હોય તો, વર્ષમાં માત્ર એક દિવસ સંવત્સરી નહીં પણ every Sunday mistake meeting દ્વારા પોતાની mistakes વ્યક્ત કરી બધાને sorry કહી સંવત્સરી હોવી જોઈએ.**

## Prayog - BALLS = Responsibilities

- જ્યાં "મારું" હોય છે એ ઘરમાં મારામારી હોય છે.
- માત્ર "મારું" કરી લઉં તે વિચારનાર સ્વાર્થી સ્વજન, "એને શું જરૂર છે"? એ વિચારનાર સાચા સ્વજન!

**ઉપસ્થિત વિશાળ જનસમુદાયને આપવામાં આવ્યાં I am Sorryના 10 cards! એક card - સ્વયંની ક્ષમાપના માટે અને બીજા cards અન્યને આપી અન્યની ક્ષમાપનાની અનુમોદના કરવા માટે!**







**પરમ ગુરુદેવ પ્રત્યે ઉપકારભાવ અને Look N Learn પ્રત્યે ગૌરવ પ્રદર્શિત કરી રહ્યાં Look N Learnના સેંકડો દીદી અને બાળકો**

**Abortion પર દશ્યાંકન નિહાળી ઉપસ્થિત ભાવિકો એ કર્યો પાવન સંકલ્પ!**
પંચેન્દ્રિય જીવની હિંસા કરશું નહીં, કરાવશું નહીં, કરવવાની અનુમોદના પણ કરશું નથી!



જૈન ક્રાંતિનું લોકાર્પણ કરી રહ્યા શ્રી ઉર્વીશભાઈ વોરા, Sun Pharmaના શ્રી શૈલેષભાઈ દેસાઈ, Bright outdoor mediaના શ્રી યોગેશભાઈ લાખાણી, શ્રી ભાર્ગવભાઈ પટેલ, શ્રી ભાવિકભાઈ શાહ

ઘરમાં એક Board લગાવવું... Problem થાય ત્યારે લખવું: "અત્યારે તિર્યંચ ગતિ ચાલે છે." હેરાનગતિ થાય ત્યારે લખવું: "અત્યારે નરક ગતિ ચાલે છે, પરમાધામી વાંચી લેશો." સમજ, જ્ઞાન અને આનંદની વાતો થાય ત્યારે લખવું: "અત્યારે મનુષ્ય ગતિ ચાલે છે."



જિનશાસનની આન- બાન અને શાન પ્રત્યે સહુ નતમસ્તક બન્યા, શાસન મહાનાદના ગુંજારવમાં

## INNER CLEANSE MASTERY

- Reactionનું Correction કરવું એ પર્યુષણનું કર્તવ્ય છે.
- Crude જેવા Heavy Moodનું પ્રતિક્રમણ કરીને તેને Flower જેવો Light બનાવવું એ પર્યુષણનો સંદેશ છે.
- જો Mistake Virus છે, તો પ્રતિક્રમણ Anti-Virus છે.
- પ્રતિક્રમણ એટલે મનમાં રહેલા Poisonને Delete કરવાની Process.
- પ્રતિક્રમણ આપણા દોષોને આવતા ભવમાં Carry Forward થવા દેતું નથી.
- જેને પ્રતિક્રમણ આવડતું હોય, તે અંત સમયે પણ પોતાનું મૃત્યુ સુધારી શકે છે.
- On the Spot "મિચ્છામિ દુક્કડમ્" કરીને જે પોતાના દોષનું પ્રતિક્રમણ કરી લે છે, તેના ચહેરા પર હંમેશા મુસ્કાન રહે છે. Mistake સુધારવાની તક ગુમાવવી એ સૌથી મોટી Mistake છે.

DAY 7

# PARYUSHAN HAI TO *easy hai*

## PURIFICATION



- જીવનમાં જે દિવસે ગુરુનો પ્રવેશ થાય એ દિવસથી ધર્મની શરૂઆત થાય છે.
- પોતાની ઈચ્છાપૂર્વકની આરાધનાથી પુણ્ય લાભ થાય છે, અને આજ્ઞાપૂર્વકની આરાધનાથી ધર્મ લાભ થાય છે.
- ગુરુ મનગમતા હોઈ શકે પણ **મનગમતું** કરનાર ન હોય. **અણગમતું** કરાવીને સંસારમાં મનગમતાનો મોહ છોડાવે તે ગુરુ!
- સ્વજનો lifeને **"સુંદર"** બનાવી શકે છે પણ ગુરુ lifeને **"સુરક્ષિત"** બનાવે છે.
- સ્વજનો lifeને **"best"** બનાવી શકે છે પણ ગુરુ lifeને **"waste"** બનતા અટકાવે છે.
- જગત આપણી ભૂલ બતાવીને **criticism** કરે છે, જ્યારે ગુરુ આપણી ભૂલ બતાવીને આપણને **correct** કરે છે.
- ગુરુનું એક કર્તવ્ય હોય છે — શિષ્યને સ્વયંના ગુરુ બનાવી દેવું.
- ગુરુ એ હોય જે શિષ્યને, "હું કંઈક કરી શકું છું" એ અહંકારથી મુક્ત કરાવે.
- ગુરુના શબ્દને સમજી શકે, એ 50% શિષ્યત્વ; ગુરુની આંખોને સમજી શકે, એ 100% શિષ્યત્વ!
- શિષ્ય એટલે ગુરુના બોધનો જીવંત ગ્રંથ!
- પોતાનો **મિથ્યા અહંકાર** છોડીને, પોતાના **આત્મ અલંકાર** તરફ જવાનું છે.
- પ્રભુનું મુખ ગમે તેના કરતાં, પ્રભુનું જીવન જોઈ તેમના પગલે પગલે ચાલવું ગમે, એ શ્રેષ્ઠ છે.
- શૂન્યથી શરૂ કરેલી યાત્રા પણ જો અંતે શૂન્ય બની જાય છે, તો I AM SOMETHING નો મિથ્યા અહંકાર શા માટે કરવો?
- મૃત્યુ પછી ન અસ્થિ રહેવાની છે, ન અસ્તિત્વ; ઘર એક જ હોય છે, પણ ઘરમાં રહેનાર બદલાયા કરે છે.
- જ્યાં આસક્તિ, ત્યાં ઉત્પત્તિ; જેને ઘર ગમે, એને એ જ ઘરમાં છીપકલી તરીકે જન્મવું પડે છે.
- ધર્મના ક્ષેત્રમાં ક્યારેય satisfaction ન હોવું જોઈએ અને સંસારના ક્ષેત્રમાં હંમેશા satisfaction હોવું જોઈએ.
- આપણા જીવનના સંકટ નહીં પણ આપણા આત્માના દોષો ટળી જાય તે 100% ગુરુ કૃપા હોય છે.






**આવી રહી 635થી વધુ ઉગ્ર તપસ્વીઓની સવારી, પધારો તપસ્વીઓ કરીએ અહોભાવભીના સન્માન!**






પ્રયોગ દ્વારા
પોતાના જીવનને
ગુણોથી સમૃદ્ધ
કરવાનો
સંકલ્પ કરતાં
ભાવિકો










Look N Learnના બાળકો દ્વારા Beautyની Realityની અદ્‌ભૂત પ્રસ્તુતિ!



શ્રી શ્રેયાબેન ઘોડાવત

**શ્રી શ્રેયાબેન ઘોડાવત દ્વારા Fashion Beauty માટે Use થતી વિવિધ products પાછળ અસંખ્ય જીવોની હિંસાનું છુપાયેલું સત્ય પ્રકાશિત થતાં ઉપસ્થિત જન મેદનીએ તેનો ત્યાગ કરવાનો કર્યો સંકલ્પ.**





સેંકડો તપસ્વીઓની અનુમોદનાનો નાદ- તપશ્ચર્યા મહાનાદ

# ROUTINE TO REALISATION Mastery

## નિત્યક્રમ આપણી નિયતિને બદલી શકે છે.

- પર્યુષણ flood irrigation જેવા ન હોવા જોઈએ, કે સંસારનો સૂરજ તપે અને સમજનું પાણી સુકાઈ જાય. પર્યુષણ drip irrigation જેવા હોવા જોઈએ, જે આખું વર્ષ નાના નાના નિત્યક્રમથી ધીરે ધીરે આપણને Nourish કરતા રહે.
- Quantityથી ધર્મ ન થઈ શકે, પરંતુ continuityથી ધર્મધ્યાન કરતા રહેવું.
- નાના નાના નિયમોને જે પોતાની આદત બનાવી દે છે, તે અંતે અરિહંત બની જાય છે.

- સવારે આંખ ખુલતા જ બે હાથ જોડીને નમસ્કાર મંત્ર ગણવા. - હાથ જોડવાની આદત પડી જાય તો, ભવ બદલાયા પછી મનુષ્યના ભવમાં ફરીથી જન્મ મળે ત્યારે પહેલી વાર આંખ ખુલતા જ હાથ જોડાઈ જાય.
- જેની શરૂઆત positivityથી થાય છે, તેનો આખો દિવસ positive રહે છે.
- આવશ્યક કાર્ય માટે ઘરની બહાર નીકળતા પહેલાં વડીલોને પગે લાગીને, ઘરની લક્ષ્મીને કહીને જવું.
- ઘરની બહાર નીકળતા 1st step જમણો પગ મૂકવો.
- આખા દિવસમાં કોઈને જમાડ્યા વિના રાત્રે સૂવું નહીં. - જે રોજ કોઈને અન્નદાન કરે છે, તે અંતે અન્નદાતા બની જાય છે.
- જમતા પહેલાં થાળી ઊંચી કરીને સુપાત્રદાનની ભાવના ભાવવી. - જેને સુપાત્રદાન આપતાં આવડે, તે અંતે "સુપાત્ર" બની જાય છે.
- કોઈને કાંઈ પણ બે હાથેથી અર્પણ કરવું.
  - એક હાથથી આપવું તે ક્યારેક અવિવેક હોઈ શકે છે, જ્યારે બે હાથેથી અર્પણતા સન્માનનું પ્રતીક હોય છે.
- જેને પણ મળો, બે હાથ જોડીને મનોમન કહેવું, "તમારી અંદર રહેલા ભગવાનના આત્માને પ્રણામ."
- કોઈએ આપણા પર કરેલા નાના પણ ઉપકાર માટે "Thank you" કહી gratitude ભાવનો અનુભવ કરવો. - જેની અંદર gratitude નથી હોતો, તેની અંદર micro attitude હોય છે.
- દર ગુરુવારે ગુરુના વસ્ત્રો સાથે સહકર્મિતા કરતાં હોય તેમ, તેમના જેવા white and white clothes પહેરવા.
- મુષ્ઠી પચ્ચક્ખાણથી દિવસમાં વધુમાં વધુ સમય ચૌવિહારમાં રહેવું. રાત્રે સૂતાં પહેલાં pillow ઉપર આંગળીથી લખવું, "પ્રભુ, તારા ખોળે સૂતો છું."
- રાત્રે સૂતાં પહેલાં સાગારી સંથારો કરીને સૂવું.
  – સાગારી સંથારાના પચ્ચક્ખાણ – આહાર, પાણીને ઉપધિ પચક્ખુ પાપ અઢાર, મરણ આવે તો વોસિરે જીવું તો નવકારથી આગાર.

**નિયમ** જીવનમાં **સંયમ** લાવે છે, અને **સંયમ** ભવોભવ **પ્રભુનો સંગમ** કરાવે છે.

DAY
8

# PARYUSHAN
HAI TO
# easy hai

## FORGIVENESS



- હોઠેથી Sorry કે Heartથી Sorry ?
- દિલમાં કોઈની ભૂલ **Store** કરેલી હોય અને હોઠ પર "I AM SORRY" નો **Show** હોય, તો એવી ક્ષમાપના ક્યારેય સાર્થક થતી નથી.
- Feelings વિનાનું Sorry, ભાવ વિનાના શબ્દો અને આત્મા વિનાનું શબ — ત્રણેય સરખાં હોય છે.
- ભાવ વગરની ક્ષમાપના એટલે Journey માટેની Ticket વિનાનું ખાલી Envelope, જે સામેવાળાના heartના destination સુધી નહીં પહોંચે.
- મનમાં જેટલો **અભાવ,** એટલો ક્ષમાભાવ નિષ્ફળ; મનમાં જેટલો **સદભાવ,** એટલો ક્ષમાભાવ સાર્થક.
- સામેવાળાની Mistake ભાવ 100% હોય, પણ જો તમે ક્ષમા ન કરી શકો તો, એ Mistake 100% તમારી બની જાય છે.
- અહંકાર Relationને અંધકાર તરફ લઈ જાય છે.
  જેના માટે અંદર અણગમો હોય તેનું દરેક Behaviour આપણને અયોગ્ય લાગે છે.
- જેમ પોતાના Specsમાં Problem હોય અને આપણને બહાર કાળા ધબ્બા દેખાય, તેમ પોતાની સમજમાં Problem હોય અને આપણને સામેવાળાની ભૂલ દેખાય.
- જે બીજાની ભૂલોને **Count** કરે છે, તે પોતાના વેરના **Account**ને **Close** કરી શકતો નથી.
- **યાદશક્તિ** નહીં, પરંતુ આપણી યાદમાં રહેલી **દ્વેષશક્તિ** ઘટે — ત્યારે સંવત્સરી સાર્થક થાય.
- જે આવતા ભવમાં વેર લઈને જાય તે **વિરાધક;** જે આ ભવમાં જ સાચા હૃદયથી ક્ષમાપના કરી લે તે **આરાધક.**
- આજે કોઈને અજીવની જેમ Sorry કરીએ તો કાલે જીવંત Sorry કરવા જઈએ ત્યારે કદાચ એનો જીવ જ ન રહે અને જિંદગીભરનો અફસોસ રહી જાય.
- અફસોસનો ભાર બહુ ભારે હોય છે; તે જિંદગીભરનો ભાર વધારી દે છે.
- સમય પર ન કરેલી ક્ષમાપનાનું, જીવ ગયા પછી જીવંત Sorry શું કામનું ? અને જીવ હોય ત્યારે જડ Sorry શું કામનું ?

**પ્રભુના અંશ ક્યારેય કોઈની mistakesના judge ન બને.**








સામેવાળાની પરિસ્થિતિને સમજવાનો પ્રેરક બાધ આપતો અનોખો પ્રયોગ



ગુરુ ચરણમાં આલોચના કરી લેવાની
પ્રેરણા આપતી હૃદયસ્પર્શી એકાંકીનું દૃશ્ય



પરમ ગુરુદેવ પ્રેરિત જે missionના આધારે દર વર્ષે અનેક ક્ષેત્રોમાં જીવદયા - સેવા - માનવતાના અનેક સત્કાર્યો યોજાય છે એવા અર્હમ યુવા સેવા ગ્રૃપના સેવાભાવી યુવાનો સહુને સેવામાં જોડાવાની પ્રેરણા આપી રહ્યાં.



અનન્ય સેવા દ્વારા આત્મ આરાધ્ય ચાતુર્માસને દિપાવી રહ્યાં પારસધામ ઘાટકોપરના ભાવિકો







પશ્ચાતાપના ભાવ સાથે દિલથી sorry કહી રહ્યાં ભાવિકો

**સંકલ્પ**

**જેની સાથે કોઈ Problem થયો હોય કે જેના માટે Heartમાં Negativity હોય, તેની પાસે જઈને દિલથી "Sorry" કહેવું અને વેરની Chain Break કરવી.**

# INNER CLEANING MEDITATION

પર્યુષણ પર્વમાં... વહેલી સવારના શાંત અને સુરમ્ય વાતાવરણમાં 'સ્વ' ને જાણવા, 'સ્વ'ને મળવા અને 'સ્વ' ને શુદ્ધ કરવા, Lifeને right path ઉપર લઈ જવા, Right wayનું માર્ગદર્શન આપવા માટે દરરોજ નવી સમજ સાથે સહુએ અલગ - અલગ topics પર ધ્યાન સાધના કરી, 'સ્વ' સુધી પહોંચવાનો પુરુષાર્થ કર્યો હતો.



- Awaken Through Awareness
- Soften Into Patience
- Open Into Surrender
- Expand With Compassion
- Return To Inner Purity



ધ્યાન સાધના દ્વારા 'સ્વ' શુદ્ધિની process

પરમ ગુરુદેવના પાવન સાંનિધ્યે

# સંવત્સરી આલોચના

અંતરની આલોચના કરી,
ભવ-ભવાંતરની ભૂલોને પશ્ચાત્તાપના
આંસુઓથી ધોઈ નાખવાનો અવસર,
પાપ-દોષોની કબૂલાત કરી,
આત્મશુદ્ધિ તરફ આગળ વધવાનો પાવન અવસર.

પોતાની ભૂલ realise થાય,
ત્યારે જ હૃદયથી confession કરવાની હિંમત આવે છે.
ભૂલ થઈ એ અંત નથી,
તેને સુધારવાની તક મળી એ પ્રભુની કૃપા છે.
ભૂલ સ્વીકાર્યા પછી પણ કદાચ ફરી ભૂલ થશે,
પણ પ્રભુ પર વિશ્વાસ રાખીએ—
“આજ નહીં તો કાલ, પ્રભુ મને સુધારવાના જ છે.”

## 11,000 ભાવિકોનું સંવત્સરી પ્રતિક્રમણ

પવિત્રતા અને દિવ્યતાનું થયું ઉર્ધ્વગમન,
ઘાટકોપરની ધરા પર ક્ષમાભાવના તરંગ
એકસાથે 11,000 ભાવિકોના હૃદયમાંથી પ્રગટી
**“મિચ્છામિ દુક્કડમ્” ની ગૂંજ**








## મધ્યમ સ્વપ્નનો લાભ લઈ ધન્ય બન્યા લાભાર્થીઓ...

શ્રી વિરાજભાઈ છાબડિયા પરિવાર, શ્રી પરેશભાઈ શાહ પરિવાર, શ્રી જિગ્નેશભાઈ ભાયાણી પરિવાર, શ્રી સિમોલીબેન વૈભવભાઈ મહેતા પરિવાર, શ્રી એકતાબેન સ્મિતભાઈ મોદી પરિવાર, શ્રી ચિંતનભાઈ બરવાળિયા પરિવાર, શ્રી પિયુષભાઈ મોદી પરિવાર, શ્રી આરુષિબેન શ્રેણિકભાઈ શેઠ પરિવાર, શ્રી પારુલબેન મેહુલભાઈ શાહ પરિવાર, શ્રી મનીષભાઈ મોદી પરિવાર, શ્રી જિમીતભાઈ ડેલીવાળા પરિવાર, શ્રી જાનવીબેન સૌરભભાઈ ધોળકિયા પરિવાર, શ્રી પ્રદીપભાઈ દોશી પરિવાર, શ્રી તેજસભાઈ ટોળિયા પરિવાર, શ્રી ધવલભાઈ સાવલા પરિવાર, શ્રી હર્ષિતભાઈ તેજાણી પરિવાર, શ્રી ધૈર્યભાઈ ચેતનભાઈ ટિંબડીયા પરિવાર, શ્રી ધાર્મિકભાઈ ચેતનભાઈ ટિંબડીયા પરિવાર, શ્રી કોનિકાબેન પાર્થભાઈ શાહ પરિવાર, શ્રી મયંકભાઈ શેઠ પરિવાર, શ્રી અનિલભાઈ કપાસી પરિવાર, શ્રી ભાવિકભાઈ શાહ પરિવાર



























# જરૂરિયાતમંદોના સ્વપ્નને પૂરા કરવા.. મહાસ્વપ્નનો લાભ લેનાર મહાપુણ્યવાન લાભાર્થીઓ

01

02

03

05

07

08

09

11

12

06 - 13

04-10-14

15


**1. હસ્તિરત્ન** - માતુશ્રી કાશ્મીરાબેન કાંતિલાલ લાધાભાઈ શેઠ પરિવાર, રાજકોટ **2.** શ્રી દર્શકભાઈ રૂપાણી પરિવાર **3. વૃષભ** - શ્રી કોઠારી પરિવાર, ઘાટકોપર **4. કેસરી સિંહ** - શ્રી સુભાષજી ઋણવાલ પરિવાર, મુંબઈ **5. મહાલક્ષ્મી** - શ્રીમતી પ્રતિભાજી અનિલજી ખીવંસરા પરિવાર, મુંબઈ **6. પુષ્પમાળા** - શ્રી વત્સલભાઈ માનસીબેન પરાગભાઈ શાહ, મુંબઈ **7. પૂર્ણ ચંદ્ર** - શ્રી અનસુયાબેન નટવરલાલ શેઠ પરિવાર, વિસાવદર **8. તેજસ્વી સૂર્ય** - શ્રી દિલીપભાઈ ધોળકિયા પરિવાર, દિલ્હી **9. ધર્મ ધ્વજ** - શ્રી મહેતા પરિવાર, ઘાટકોપર **10. પૂર્ણ કળશ** - શ્રી ચંદાજી સુભાષજી ઋણવાલ પરિવાર, મુંબઈ **11. પદ્મ સરોવર** - માતુશ્રી તારાબેન ચુનીલાલ મોદી - બાદશાહ પરિવાર, કાંદિવલી **12. ક્ષીર સમુદ્ર** - શ્રી પટેલ પરિવાર, બોરીવલી **13. દેવ વિમાન** - શ્રી અર્હાન મનનભાઈ પરાગભાઈ શાહ, ઘાટકોપર **14. રત્ન રાશિ** - શ્રી ઋણવાલ પરિવાર, મુંબઈ **15. નિર્ધૂમ અગ્નિ** - ધર્મવત્સલા શ્રી કુંજનબેન મૂલરાજભાઈ છેડા પરિવાર, મુંબઈ

01

02

03


**પારણિયું :** 1. શ્રી અવલાણી પરિવાર, મુંબઈ 2. શ્રી મોનિષાબેન જીગરભાઈ માધાણી પરિવાર, મુંબઈ 3. શ્રી શાહ પરિવાર, મુંબઈ

# પ્રભુના શાસનનો જયજયકાર વર્તાયો - 635થી વધુ તપસ્વીઓના પારણા

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની પૂર્ણતાએ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના પાવન સાંનિધ્યે 635થી વધુ તપસ્વી ભાવિકોનો પારણા મહોત્સવ યોજાયો હતો.

આઠ દિવસ દરમિયાન ભારતના વિવિધ શહેરો ઉપરાંત Australia, America, Germany, Singapore, Sudan, Dubai સહિત વિદેશના અનેક ક્ષેત્રોના ભાવિકોએ તપ-ત્યાગ અને આરાધના દ્વારા આત્મશુદ્ધિની સાધના કરી.



**40, 31 અને 30 ઉપવાસના 30થી વધુ આરાધકો**
**21, 16, 15, 11 અને 9 ઉપવાસના 170 આરાધકો,**
**અઠ્ઠાઈ તપના 250થી વધુ આરાધકો,**
**લઘુધર્મચક્ર તપના 190થી વધુ તપસ્વીઓએ તપસાધના કરી.**



સમગ્ર ચાતુર્માસના ઉદારહૃદયા લાભાર્થી ધર્મવત્સલા શ્રી માનસીબેન પરાગભાઈ શાહ પરિવાર દ્વારા તપસ્વીઓની તપશ્ચર્યાની અનુમોદના સાથે પારણાનો અમૂલ્ય લાભ લેવામાં આવ્યો. **પરમ ગુરુદેવની પ્રેરણાથી અનેક ભાવિકોએ તમાકુ સહિતના વ્યસનોના ત્યાગની પ્રતિજ્ઞા** લઈને આ પાવન અવસરને જીવનપરિવર્તનના સંકલ્પ સાથે યાદગાર બનાવ્યો.



# 19 ક્ષેત્રોમાં ગુંજી પ્રભુની જ્ઞાનવાણી, હજારો ભાવિકોએ કરી પર્યુષણની આરાધના

જ્યાં સંત-સતીજીઓ પ્રત્યક્ષ પહોંચી શકતા નથી એવા દેશ-વિદેશના વિવિધ ક્ષેત્રોના ભાવિકો સુધી પ્રભુની જ્ઞાનવાણી અને પર્યુષણની આરાધના પહોંચે, એવી પરમ ગુરુદેવની પ્રેરણાથી છેલ્લા 15 વર્ષથી શાસન પ્રભાવનાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. આ વર્ષે પણ 50થી વધુ પ્રશિક્ષિત શાસન પ્રભાવકો વિવિધ ક્ષેત્રોમાં પહોંચ્યા અને હજારો ભાવિકોને પર્યુષણ મહાપર્વની આરાધના કરાવી.

**• શાસન પ્રભાવના ક્ષેત્રો •**

San Francisco, Seattle, South Florida, Singapore, Kuala Lumpur, Malacca, Nairobi, Uganda, Munich, Frankfurt, Stuttgart, Berlin, Dubai, Goa, Madurai, Chas-Bokaro, Sakchi, Kolkata, Bada Bazar, Howrah, Vadodara અને Rajkot.

પર્યુષણના આઠ દિવસ દરમિયાન પ્રવચન-સત્સંગ સાથે આગમ વંદનાવલી, શ્રુત પૂજન, જપ સાધના, ગુણોત્સવ, વ્રત આરાધના સહિત વિવિધ અનુષ્ઠાનો યોજાયા. **કર્મ Exhibition, Art of Living Exhibition, Wisdom Carnival** અને **Live પ્રયોગો** દ્વારા જૈન દર્શનને અનુભવાત્મક રીતે સમજાવવામાં આવ્યું. પરિવાર, યુવાનો અને બાળકો માટે **Family Retreat, English Sessions, Kids Paryushan, Kids Shibir** અને **One Day સાધુ જીવન** જેવા વિશિષ્ટ આયોજનો પણ થયા.

**નવકાર Dayની** સામૂહિક જપ સાધના અને સંવત્સરી આલોચના દ્વારા હજારો ભાવિકોએ આત્મવિશુદ્ધિની આરાધના કરી. કોઈએ પ્રતિક્રમણ કંઠસ્થ કરવાનો સંકલ્પ લીધો, તો ઘણાએ **Cruelty-Free Products** અપનાવવાની પ્રતિજ્ઞા લીધી. કોઈએ રાત્રિભોજનનો ત્યાગ કર્યો, તો કોઈએ રોજ ભાવ પ્રતિક્રમણ દ્વારા પોતાના દોષોનું નિરીક્ષણ કરી આત્મશુદ્ધિ તરફ એક પગલું ભર્યું. આ રીતે પરમ ગુરુદેવની પ્રેરણાથી સંત-સતીજી વિહોણા દેશ-વિદેશના ક્ષેત્રોમાં શાસન પ્રભાવનાનો ભગીરથ પુરુષાર્થ સાકાર થયો અને હજારો ભાવિકો પ્રભુની જ્ઞાનવાણી તથા પર્યુષણની પવિત્ર આરાધના સાથે જોડાયા.












## KIDS PARYUSHAN 2026

# MOKSH EXPRESS

## A JOURNEY TO DIVINE

The timeless wisdom of **5 Samiti and 3 Gupti** was brought to life for children through fun, creative and unique activities – making it simple to understand, enjoyable to learn, and easy to apply in everyday life through **MOKSH EXPRESS – A Journey to Divine.**







પરમ મહાપ્રજ્ઞાજી મહાસતીજી








## BAAL AALOCHANA

દેશ-વિદેશના હજારો બાળકોએ
સહજતાથી જાણતા-અજાણતા કરેલી
ભૂલોની આલોચના કરી અને ફરી આવી
ભૂલો ન થાય તે માટે alert રહેવાની ભાવના સાથે
દિલથી પ્રભુને કહ્યું હતું– I am Sorry, Prabhu!

### સર્વકલ્યાણની મંગલ કામના
### અને મંત્રોની અનન્ય ઉર્જાની અનુભૂતિ સાથે ઉજવાયો
### રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો 56th જન્મોત્સવ



# માનવતા મહોત્સવ અને મંત્ર ઉત્સવ

હજારો નયન જેમના દર્શનથી ધન્યતા અનુભવી રહ્યાં, હજારો હાથ જેમના વ્યક્તિત્વ પાસે અંજલિબદ્ધ થઈ રહ્યાં, હજારો મસ્તક જેમના શ્રી ચરણમાં વંદિત થઈ રહ્યાં અને લાખો જીવો જેમની કરુણાના આધારે શાંતિ -સમાધિ પામી રહ્યાં એવા કરુણાનિધાન રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના 56th જનમોત્સવ અવસરે પારસધામ ઘાટકોપરના ઉપક્રમે આયોજિત બે દિવસીય “માનવતા મહોત્સવ મંત્ર ઉત્સવ” પ્રભુ ભક્તિ, કરુણા અને સંયમભાવનો ત્રિવેણી ઉત્સવ બન્યો હતો.



## પરમના બોધ વચન

જન્મદિવસ આપણને જીવનમાં ક્યારે આવ્યા તેની સાથે
એક દિવસ અહીંથી જવાનું પણ છે તેની યાદ અપાવે છે. તેથી જન્મદિવસ
માત્ર ઉજવણી નહીં પરંતુ આત્મચિંતનનો દિવસ હોવો જોઈએ.

માનવતા મહોત્સવ એટલે અન્યને સુખી કરવાની મજાનો મહોત્સવ !

જે ઝૂકીને રહે છે, તે દુનિયા જીતી જાય છે. જે અહંકારમાં રહે છે, તે હારી જાય છે.

જે કોઈને દુઃખી કરે છે તે આખી life દુઃખમાં વિતાવે છે, અને જે કોઈને સુખી કરે છે તે કદી દુઃખી નથી થતાં.

## ગુરુ સમર્પણભાવે જોડાયા:

પરમ ગુરુદેવને જન્મોત્સવની શુભેચ્છા વંદના અર્પણ કરવા ગોંડલ સંઘાણી સંપ્રદાયના પૂજ્ય શ્રી પંથકમુનિ મહારાજ સાહેબ, અજરામર સંપ્રદાયના પૂજ્ય શ્રી કમલપ્રભાજી મહાસતીજી આદિ ઠાણા તેમજ સુવિખ્યાત શ્રી રામ કથાકાર સંત પૂજ્ય શ્રી મોરારી બાપુ વિશેષ ભાવો સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

તે સાથે જ ભક્તિના થનગનાટ અને ઉત્સાહ- ઉમંગની લહેરો સાથે સમગ્ર મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, પૂર્વ ભારત, ઉત્તર ભારત, દક્ષિણ ભારત અને અમેરિકા, દુબઈ, સિંગાપોર, નાઇરોબી આદિ વિદેશના અનેક ક્ષેત્રોના ભાવિકો, સેંકડો શ્રી સંઘો, અનેક સંસ્થાઓ સાથે ગુરુભક્તો ઉપસ્થિત રહ્યા હતા.



### બાપુના ઉદ્ગારો:

પૂજ્ય શ્રી મોરારી બાપુએ પરમ ગુરુદેવની ભાવવંદના કરતાં ગુરુદેવને પરમ તત્ત્વ સાથે સરખાવીને પરમ તત્ત્વને સમજવા કરતાં તેને માણી લેવાની ગહન વાત કરી હતી.

## મહાપ્રભાવક શ્રી ઉવસ્સગહર સ્તોત્ર જપ સાધના:

પરમ ગુરુદેવના બ્રહ્મનાદમાં, વિશિષ્ટ હસ્તમુદ્રાઓના સંયોગે, લયબદ્ધ ગતિમાં મહાપ્રભાવક શ્રી ઉવસ્સગહર સ્તોત્રની જપ સાધના ત્રણ તબક્કામાં કરાવવામાં આવી હતી જેના પ્રસરતાં દિવ્ય તરંગોમાં વિશાળ જન સમુદાય લીન - તલ્લીન બન્યો હતો.

**"આધ્યાત્મિક મંત્ર સિદ્ધ કરવા સાથે માનવતાના મંત્રને સિદ્ધ કરો."**



## "જ્યાં કરુણા છે, ત્યાં માનવતા છે; અને જ્યાં માનવતા છે, ત્યાં જ સાચું સુખ છે."

## જ્યોત સે જ્યોત જલે...માનવતામાં મળી માનવતા

- સાધર્મિક પરિવારો માટે રૂ. 9 કરોડનું અનુદાન જાહેર થયું .
- કોલકતા ક્ષેત્રના હજારો અબોલ પશુ- પક્ષીઓ માટે " લુડલો અર્હમ એનિમલ કેર હોસ્પિટલ" નું ઉદ્ઘાટન થયું.
- **માતુશ્રી તારાબેન ચુનીલાલ મોદી પરિવાર** - બાદશાહ પરિવાર **તરફથી 56 દિવ્યાંગ ભાવિકો** માટે અર્પણ કરવામાં આવી E-bike!
- **સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટ - અમેરિકાના શ્રી રિકાબેન મનુભાઈ શાહ** તરફથી યુવાનો માટે અર્પણ થઈ **4 Ertiga car!**
- ઓછી fee સાથે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પ્રશિક્ષણ આપવા માટે શ્રી કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન સમાજ - ઘાટકોપરના ઉપક્રમે "Arham Computer and Robotic center" નું થયું ઉદ્ઘાટન
- ઘાટકોપરમાં દોડતી ઘોડાગાડીના ઘોડાઓ પર મારવામાં આવતી ચાબુકની પીડાથી ઘોડાઓને મુક્ત કરાવવા માટે શ્રી માનસીબેન પરાગભાઈ શાહની દયાભાવનાથી લાખો રૂપિયા આપીને ઘોડા ખરીદી લેવામાં આવ્યાં . સંવર્ધન માટે તે ઘોડાઓને પરમધામમાં રાખવાની જાહેરાત કરવામાં આવી હતી.









## Kids મંત્રોત્સવ:

લુક એન લર્નના દેશ - વિદેશના હજારો બાળકોએ 16 દેશમાં છ મહિના સમયમાં 7 કરોડ 90 લાખ શ્રી ઉવસગ્ગહરં મંત્ર જપ સાધના સાથે ઉજવેલાં kids મંત્રોત્સવની હર હૃદયે ભાવભીની અનુમોદના કરી.






## કર્મવીર - ઓટો રીક્ષા ચાલક, શાકભાજીવાળા અને ગૃહસેવકોનું સન્માન

માનવતા મહોત્સવની પૂર્વ તૈયારી રૂપે પારસધામ ઘાટકોપરના આંગણે સેંકડો ઓટોરિક્ષા ચાલકો, શાકભાજી વેચનારા ભાવિકો તેમજ ગૃહ સેવકોને પરમ ગુરુદેવના અમૂલ્ય બોધ વચન અને માર્ગદર્શન મળ્યું. તેઓને મીઠાઈ, કપડાંની અર્પણતા સાથે lucky draw વિજેતા ભાવિકોને mobile phone અને bicycle આપીને તેમજ ભોજન કરાવીને એમનું સન્માન કરવામાં આવ્યું.





## પરમના જન્મોત્સવે - સંયમનો જન્મ

પરમ ગુરુદેવના જન્મોત્સવ અવસરે, મુમુક્ષુ શ્રી તન્મયાદીદી રાજપૂતની દીક્ષા આજ્ઞા અર્પણ વિધિનો અવસર યોજાયો. ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં સ્વજનોએ દીક્ષા આજ્ઞા પત્ર પર અનુમતિના હસ્તાક્ષર કરીને પરમ ગુરુદેવના કરકમલમાં અર્પણતા કરતાં વધુ એક આત્માને પ્રભુ દરબારમાં પ્રવેશની મંજૂરી મળી હતી. એમના ધર્મ માતા-પિતા બનવાનો લાભ શ્રી ઉષાબેન અવંતિભાઇ કાંકરીયાજીએ લીધેલ.





## અદ્ભૂત એકાંકી અને દિવ્ય દૃશ્યાંકન:



બરોડામાં રિક્ષા ચલાવતાં એક સ્ત્રીપાત્રને જીવંત કરતી એકાંકી પાત્રની હૃદયસ્પર્શી પ્રસ્તુતિ, મુશ્કેલીના સમયે સહારો બનીને આવતાં અર્હમ યુવા સેવા ગ્રુપના યુવાનોની સેવાભાવનાના દશ્યાંકન અને મૃતપ્રાય થઈ રહેલાં જીવનમાં આશાનું કિરણ પ્રસરાવી દેતાં સહાયના સંવેદનશીલ દશ્યાંકનોએ પરમ ગુરુદેવના અંતરની કરુણા પ્રત્યે સહુને વંદિત કરી દીધાં હતાં.

## ચાતુર્માસ વિનંતી:

પરમ ગુરુદેવના આગામી ચાતુર્માસ માટે અમદાવાદ પધારવાની વિનંતી કરવા અમદાવાદના 175 જેટલા ભાવિકો અને ગુરુભક્તોએ હૃદયના ઉત્કૃષ્ટ સંવેગભાવ સાથે સુંદર ભાવોની અભિવ્યક્તિ પ્રસ્તુત કરી, તે સાથે જ કોલકાતા પધારવા માટે શ્રી અવંતિભાઈ કાંકરીયા એ વિનયપૂર્વક વિનંતી કરી હતી.

જેના અનુસંધાનમાં પરમ ગુરુદેવે આગામી ચાતુર્માસ અમદાવાદમાં સાબરમતી કિનારે અથવા તો બંગાળમાં ગંગા કિનારે આપવાની જાહેરાત કરી..






**પરમ ગુરુદેવની કરુણાની અનુભૂતિને વર્ણવતી "પરમ" પુસ્તિકાનું વિમોચન કરતાં શ્રી અવંતિભાઈ કાંકરીયા, શ્રી શેખરભાઈ પટણી, શ્રી પરેશભાઈ શાહ, શ્રી સંદીપભાઈ સિસોદીયા.**



## પરમના બોધ વચન

કોઈકની **હાય**ને દૂર કરી શકે એ જ સાચી **સહાય** હોય છે.

ભેગું કરાવવાનો ભૂતકાળ બની જાય છે, ભલું કરાવવાનો ઈતિહાસ બની જાય છે.

કોઈની **હાશ** તમારા જીવનને **પાર** ઉતારે છે, કોઈની **હાય** જીવનમાં **હાહાકાર** લાવી દે છે.

પોતાની મજામાં તો બધા જ મજામાં હોય છે,
પણ બીજાને ખુશી આપવાની મજા જ માનવતા મહોત્સવ હોય છે.

## મંત્રશક્તિથી સમૃદ્ધ કળશના લાભાર્થીઓ:







1. શ્રી ભાવેશભાઈ હકાણી પરિવાર, અમદાવાદ 2. Gram કંપનીના શ્રી મનનભાઈ શાહ - શ્રી ગગનભાઈ સિંઘ - શ્રી રાજભાઈ સિંઘ - શ્રી આશિષભાઈ શર્મા 3. શ્રી જયેશભાઈ શાહ પરિવાર, અમદાવાદ

માનવતા મહોત્સવની પ્રથમ દિવસે સુવિખ્યાત ગાયક કલાકાર શ્રી દેવાંશભાઈ દોશી, શ્રી જૈનમભાઈ વારિયા અને શ્રી હર્ષિતભાઈ શાહના સૂરમાં વહેલાં ભક્તિ તરંગોમાં સહુ લીન બન્યાં. 27th Septemberના સમસ્ત કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી નેહલબેન ગઢવી, શ્રી ધ્રુવીદીદી વૈદ અને શ્રી વિનીતભાઈ પારેખ એ કર્યું હતું. જ્યારે ભક્તિના સૂરો વહાવ્યા હતા શ્રી હાર્દિકભાઈ શાહ તેમજ શ્રી વાણી ગોતાજીએ.

પારસધામ - ઘાટકોપરના સેકંડો ભાવિકોની પરમ ગુરુદેવ પ્રત્યેની ભાવભીની ઉપકાર અભિવ્યક્તિ, Thank you કહેતાં LNL બાળકોની પ્રસ્તુતિ અને સહુની ભક્તિભાવના સાથે વિરામ પામેલાં માનવતા મહોત્સવમાં જોડાએલાં હજારો ભાવિકો એ ગુંજવ્યો એક જ અંતરનાદ....

## ‘ઘણું જીવો... ઘણું જીવો... પરમ ગુરુદેવ! ઘણું જીવો.’



# માનવતા મહોત્સવને માણતા ભાવિકો



રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી

# KINDNESS KINGDOM

## KIDS CARNIVAL

WHERE KINDNESS RULES ALL OVER!

**3 થી 15 વર્ષનાં બાળકો માટે**

સવારે 10:00 થી સાંજે 5:00 સુધી

એક એવી Interactive દુનિયા,
દરેક Activity સાથે એક બોધ અને
દરેક Choice સાથે સંસ્કારો જોડાયેલા છે.

## ...શું તમારું બાળક...

New experiences માટે હંમેશાં ઉત્સાહિત રહે છે ?

રમતાં રમતાં જીવદયા અને કરુણાના સંસ્કારો શીખે, એવું ઈચ્છો છો ?

## તો લઈને આવો તમારા બાળકને KINDNESS KINGDOM CARNIVAL માં...











THE KINGDOM THAT TOUCHED THOUSANDS OF HEARTS.

**6,000+ PEOPLE**

**17 SCHOOLS**

& Many pathshalas & LNL Centres







Open For All FOR
GROUP BOOKING NUMBER
**+91 86574 84499**

આરાધ્યા સાધના હોલ,
5th Floor, ભાનુશાલી બૅન્ક્વેટ્સ, તિલક રોડ,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ

Printed & Published by : Deepak K. Bhayani on behalf of Jain Kranti, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.
Printed at : Arihant Printing Press, B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075, Maharashtra.
Edited by : Deepak K. Bhayani, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.